આંક–૧ નીચે હુકમ.

સદર કામે ફરીયાદી આરોપી સામે મજુર અધિનિયમ હેઠળ હાલની ફરીયાદ કરેલી છે અને આ કામે સમન્સ કાઢવાનો હુકમ થયેલો છે. પરંતુ, નામદાર સર્વોચ્ચ અદાલતે આર. આર. ચારી વિરુધ્ધ સ્ટેટ ઓફ યુ.પી.તથા મકસુ દ સૈયદ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, તુલારામ વિરુધ્ધ કિશોરસીંગના કેસમા જે સ્થાપિત કરેલ સીધ્ધાંતો છે, તે મુજબ માત્ર પ્રોસેસ કાઢવાનો હુકમ થયો હોય તો તેને મેજીસ્ટ્રેટે કોગ્નીઝન્સ લીધુ છે તેવુ કહી શકાય નહી. અને મેજીસ્ટ્રેટ કોગ્નીઝન્સ લીધું છે, તેવુ ત્યારે જ કહી શકાય કે જયારે મેજીસ્ટ્રેટે જયુડિશ્યલ માઈન્ડ એપ્લાય કર્યુ હોય.

આ કામે આરોપી સામે લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ ફરીયાદ કરેલી છે અને તે કાયદાની કલમ–૨૨ જોતા જયા સુધી કલમ–૨૨મા જણાવેલ સત્તાઓ પાસેથી ફીરયાદ દાખલ કરવાની મંજુરી મેળવેલ ન હોય ત્યા સુધી આ કાયદાના ગુનાઓ અંગે કોઈ કોર્ટ કોગ્નીઝન્સ લઈ શકે નહી. હાલના કેસમાં આવી કોઈ ફરીયાદ દાખલ કરવાની મંજુરી મેળવેલ હોય તેવો હુકમ રજુ થયેલો નથી, અને આ બાબતે અત્રેની કોર્ટથી ફરીયાદીને જાવક નંબર. ૭૦૭/૨૦૧૭ થી પત્ર લખેલ છે અને ફરીયાદીએ તે પત્રનો જવાબ રજુ કરેલ છે જે જવાબ અત્રેની કોર્ટમા આવક નંબર.૬૦/૨૦૧૭, તા.૧૫/૧૧/૨૦૧૭ થી રજુ થયેલો છે અને ફરીયાદીનો પત્ર જોતા તેમા ફરીયાદીએ કોઈ પણ જગ્યાએ આ કામે તેઓએ કલમ: ૨૨ હેઠળની મંજુરી મેળવેલ હોય તેવુ જણાવેલ નથી, અને અગાઉના અધિકારીઓ જે ફરીયાદ દાખલ કરતા હતા તે જ

રીતે તેઓએ ફરીયાદ દાખલ કરેલી છે, તેવુ ફરીયાદી જણાવે છે. આ કામે ફરીયાદીના અનુગામી તરીકે શ્રી કે.એમ. રાઠવા નાઓએ આવક નંબર.૭ર/ર૦૧૭ થી એક પત્ર રજુ કરેલ છે , તે જોતા ફરીયાદી હવે નિવૃત્ત થઈ ગયેલ હોય અને તેઓની જગ્યાએ હાલ શ્રી કે.એમ. રાઠવા ફરજ બજાવતા હોવાનુ જણાવે છે અનેઆ ખુલાસા જોતા સરકાર વતી ઈન્સ્પેકટરો ફરીયાદ દાખલ કરતા હોય છે તેવો ખુલાસો કરેલ છે. પરંતુ, કલમ–રર મુજબની પરવાનગી રજુ કરેલી છે, તેવો કોઈ ખુલાસો નથી.

આ કામે સજાની જોગવાઈઓ જોઈએ તો મહત્તમ છ માસ સુધીની જોગવાઈ છે અને સી.આર.પી.સી. કલમ–૪૬૮ જોઈએ તો, જે ગુનામા માત્ર દંડ ની સજાની જોગવાઈ હોય તે ગુનામાં છ– માસ વિતી ગયા પછી કોગ્નીઝન્સ લઈ શકાય નહી અને જે ગુનામાં એક વર્ષ વિતી ગયા બાદ કોઈ કોર્ટ કોગ્નીઝન્સ લઈ શકે નહીં અને તે રીતે પણ હવે આ ફરીયાદ સંદર્ભે કોઈ કોગ્નીઝન્સ લઈ શકાય તેમ નથી.

આ કામે ફરીયાદી વર્ષોથી હાજર નથી, કે આરોપી સામે પ્રોસેસો બજાવવા માટે રી– ઈસ્યુ કરાવવા માટે કોઈ પગલા લીધેલ નથી અને અગાઉ ચર્ચા કરી તે મુજબ આ કામે લઘુત્તમ વેતન અધિનિયમ કલમ–રર મુજબનો ફરીયાદ દાખલ કરવાનો કોઈ પરવાનગી હુકમ લીધેલ જ નથી, તેથી આખી ટ્રાયલ ચલાવ્યા પછી પણ આરોપીને સજા કરી શકાય તેમ નથી, તે તમામ સંજોગોમા હવે આ ફરીયાદ ચાલુ રાખવી ન્યાયોચિત જણાતી નથી, તેથી સી.આર.પી.સી. રપ૬ની જોગવાઈ

ધ્યાને લઈ આ ફરીયાદ કાઢી નાંખવાનો હુકમ ફરમાવું છું.

તા. ૦૧/૦૧/૨૦૧૮

અમદાવાદ.

એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં.૬, અમદાવાદ.